**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૮૧ ટકા

# શહેરમાં વિસ્તરતો લાયબ્રેરીનો વ્યવસાય

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં સ્પર્ધાત્મક પરિક્ષાઓના ૧૦૦ થી વધુ તાલીમ વર્ગો ધમધમી રહ્યા છે. શહેરમાં એક લાખ જેટલા ઉમેદવાર ભાઈ બહેનો વિવિધ પરિક્ષાની તૈયારીઓ કરી રહ્યા છે ત્યારે શહેરની સરકારી લાયબ્રેરીમાં વાંચન માટે ઉમેદવારો કીડીયારાની જેમ ઉભરાય છે. વિદ્યાર્થીઓ સેકટર-૨૧, ૧૭ તેમજ મુકિતધામ ખાતે પણ બેસીને સરળતાથી વાંચન કરી રહ્યા છે. કેટલાક વિદ્યાર્થીઓ નગરની શાંત અને કુદરતી વાતાવરણ હોય તેવી જગ્યાઓ વાંચન માટે પસંદ કરી છે. તેમ છતા ઉમેદવારોની સંખ્યા વધતા અને વાંચન માટે જગ્યાની અછત સર્જાતા ગાંધીનગર નગરના કેટલાક ભેજાબાજોએ ખાસ સુવિધાસભર લાયબ્રેરી ઉભી કરી છે. જેમાં ઉમેદવારો પાસેથી મહિને ૧ હજારથી ૧૫૦૦ રૂપિયા જેટલો ચાર્જ વસુલવામાં આવે છે. શહેરમાં ૬ થી ૭ લાયબ્રેરી કાર્યરત થઈ ગઈ છે જેમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ બેસીને વાંચી શકે છે. તેમાં ઉમેદવારોને ખુરશી-ટેબલ, પાણી તેમજ એસીની સુવિધા આપવામાં આવે છે. સ્પર્ધાત્મક કલાસની આસપાસ ખાસ આવી લાયબ્રેરી કાર્યરત થઈ ગઈ છે.

ગાંધીનગર શહેરના સેકટર-૩, ૭, ૬ નવનિર્મિત કોમ્પ્લેક્ષમાં તેમજ ઘ-૬ પાસે આધુનિક લાયબ્રેરીનો પ્રારંભ થઈ ગયો છે. આ લાયબ્રેરી માટે ખાસ કરીને શાંત વાતાવરણ હોય તેવા સ્થળોની પસંદગી કરવામાં આવે છે. વિશાળ જગ્યામાં શાંતિથી ટેબલ ખુરશી મુકીને ૧૦૦ થી વધુ ઉમેદવારો વાંચન કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. જયારે ઉમેદવારોને ઠંડુ પાણી તેમજ એસીની ફેસીલીટી અપાય છે. જયારે એક માસ માટે લાયબ્રેરીની એક હજારથી વધુ ફી વસુલાય છે. લાયબ્રેરીના સંચાલકો તોંતિગ ભાડાપટ્ટે જગ્યાઓ રાખે છે. ત્યારે ઉમેદવારો સ્પર્ધાત્મક કલાસની સાથોસાથ હવે લાયબ્રેરીના નામે પણ લુંટાઈ રહ્યા છે. ત્યારે આગામી સમયમાં આ નવા વ્યવસાયની પણ હાટડીઓ નગરમાં ઠેર ઠેર જોવા મળે તો નવાઈ નહી..



### વોર્ડ નં. ૧માં સોલાર સ્ટ્રીટ લાઈટોનું મરામત કામ હાથ ધરાયું

ગાંધીનગરના વોર્ડ નં. ૧માં સોલાર સ્ટ્રીટલાઈટો બંધ હોવાની સમસ્યા સર્જાઈ હતી. મનપાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા તથા કોર્પોરેટર હર્ષાબા ધાંધલની ગ્રાન્ટમાંથી આ બંધ સોલાર સ્ટ્રીટ લાઈટોને ચાલુ કરવાનું કાર્ય હાથ ધરવામાં આવતા રહીશોમાં આનંદની લાગણી પ્રર્વતવા પામી છે.

## મુસાફરોને લુંટી લેતી વધુ એક રિક્ષા ગેંગ ઝડપાઈ


### મુસાફરોના થેલામાંથી સેરવી લેવાયેલા સોનાના દાગીના સાથે ત્રણ શખ્સોને એલ.સી.બીની ટીમે દબોચી લીધા : રૂ.૧.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એલ.સી.બીની ટીમે વધુ એક રિક્ષા ગેંગને દબોચી લીધી છે. આ ગેંગ રિક્ષામાં મુસાફરોને બેસાડયા બાદ તેમની નજર ચુકવીને થેલામાંથી દાગીના કે પર્સ જેવી કિંમતી ચિજવસ્તુઓ સેરવી લેતી હતી. રિક્ષામાંથી ઉતરીને ઘરે ગયા પછી મુસાફરને ખબર પડે કે તેમને રિક્ષા ગેંગ લુંટીને રફુચક્કર થઈ ગઈ છે. આ ગેંગનાં ત્રણ સભ્યોને એલ.સી.બીએ અમદાવાદ-મહેસાણા હાઈવે પર જમિયતપુરા પાટીયા પાસેથી રિક્ષા અને સેરવી લેવાયેલા દાગીના સાથે પકડી પાડયા છે. ત્રણેયની ઉંડી પુછપરછ શરુ કરવામાં આવી છે.

ગાંધીનગર જીલ્લાનાં તાલુકા પંથકમાં ગ્રામ્ય વિસ્તારોમાં મુસાફરોને રિક્ષામાં બેસાડીને તેની નજર ચુકવી દાગીના સેરવી લેતી ગેંગ સક્રિય થઈ હોવાથી આ ગેંગને પકડવા એસ.પી વિરેન્દ્રસિંહ યાદવે ગાંધીનગર એલ.સી.બી પી.આઈ જે.ડી.પુરોહિતને સુચના આપી હતી. જેને આધારે પી.એસ.આઈ એસ.બી.પઢેરીયા તથા ટીમ તે દિશામાં સક્રિય થઈ હતી. ચોક્કસ બાતમી મળતા અમદાવાદ-મહેસાણા હાઈવે પર જમીયતપુરા પાસેથી રિક્ષા સાથે ત્રણ શકમંદોને પકડી પાડયા છે. તેમની તપાસ કરતા સોનાની બે વીંટી એક ચેઈન, કાનની બુટ્ટીની જોડ સહિત રૂ.૫૦,૫૪૪ ની કિંમતનાં દાગીના તથા ૨૫ હજારનો એક મોબાઈલ સહિતનો મુદ્દામાલ તેમની પાસેથી મળી આવ્યો હતો.





ટીમે ઉંડી પુછતાછ કરતા થલતેજ થી થોળ જવા બે સપ્તાહ પહેલા એક વૃધ્ધાને રિક્ષામાં બેસાડીને નજર ચુકવી થેલામાંથી દાગીના ચોરી લીધા બાદ રિક્ષા બગડી હોવાનું કહી પલોડીયા પાસે વૃધ્ધાને ઉતારી દીધી હોવાની ઘટના બની હતી તે આ ગેંગે કરી હોવાનું બહાર આવ્યુ છે. જે આધારે અમદાવાદ જુહાપુરાનાં તારીક આરીફ અંસારી, અબ્લુ ઉમર અરબ અને મોઈન ઈસ્માઈલ શેખ મળી ત્રણેય શખ્સોની રૂ.૧,૧૦,૫૪૪ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે. પકડાયેલી ગેંગ પૈકી તારીક અંસારી પાંચેક વર્ષ અગાઉ નરોડા, રામોલ, માધુપુરા અને ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં આ જ મોડસ ઓપરેન્ડી મુજબ ગુનાઓ આચરતા પકડાઈ ચુકેલો છે અને પાસા હેઠળ જેલમાં સજા પણ કાપી હોવાનું જાણવા મળ્યુ છે.

## નાના ચિલોડા પાસેથી દારૂ ભરેલી ગાડી સાથે એક શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૧૨

સરદાર પટેલ રિંગ રોડ પર નાના ચિલોડા નજીક ગામઠી હોટલ પાસેથી સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા વિદેશી દારુ-બિયરનો જથ્થો ભરેલી સ્વિફ્ટ ડીઝાયર ગાડી પકડી પાડવામાં આવી હતી. ૩૩૪ વિદેશી દારુની બોટલ અને ૧૨૦ બિયરનાં ટીન સહિત રુ.૩.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા એક શખ્સની ધરપકડ કરી લેવામાં આવી હતી. ડભોડા પોલીસમથકમાં આ મામલે ગુનો દાખલ થતા ડભોડા પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

નાના ચિલોડા નજીક ગામઠી હોટલ સામેથી ગઈ કાલે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ચોક્કસ બાતમીને આધારે દારુ બિયર ભરેલી જીજે ૧ આર.યુ ૦૩૧૯ નંબરની સ્વીફ્ટ ડીઝાયર ગાડી સાથે ઉદેપુરનાં નારણ કાલુ કલાલ નામનાં શખ્સને દબોચી લીધો હતો. ગાડીમાં તપાસ કરતા અંદરથી ૩૩૪ વિદેશી દારુની બોટલ કિં.રુ ૧,૦૦,૨૦૦ અને ૧૨૦ બિયરનાં ટીન કિં.રુ. ૧૨,૦૦૦ નો જથ્થો મળી આવ્યો હતો. વિદેશી દારુની બોટલો અને બિયરનાં ટીન ઉપરાંત ગાડી અને મોબાઈલ મળી કુલ રુ.૩.૬૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ડભોડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ ગુનામાં રાજસ્થાન બિચ્છુવાડાનાં ચિરાગ જૈન, રિતેશ અને અમદાવાદનાં કોઈ રાજુ મળીને ત્રણ શખ્સો નાસતા ફરે છે. ડભોડા પી.એસ.આઈ ડી.બી.વાળાએ તેમને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## ગજાનન સેવા સમિતિએ જાભ ચિતરીયામાં અનાજની કીટનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરની સેવાભાવી સંસ્થામાં શ્રી ગજાનન સેવા સમિતિનો પણ સમાવેશ થાય છે. આ સંસ્થા દ્વારા સમયાંતરે સાબરકાંઠા તેમજ અરવલ્લી જિલ્લાના અંતરીયાળ ગામમાં જરૂરીયાત મંદોને વિવિધ ચીજવસ્તુઓ સહાય સ્વરૂપે આપે છે. ત્યારે તાજેતરમાં શામળાજી વિસ્તારના જાભ ચિતરીયા ગામે ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૭૯ પેકેટ ચોખાના વિતરણ કર્યા હતા જેમાં ૩ કી.ગ્રા.ચોખા આપવામાં આવ્યા હતા. ઉપરાંત અણસોલમાં ૧૫ લાભાર્થીને ચોખા તેમજ ચા, સાબુ, નાસ્તો, બિસ્કીટ, તથા પેરાસીટામોલની ગોળીનું વિતરણ કર્યુ હતું. આ પછી ગઢિયા તથા પહાડીયા પ્રાથમિક શાળામાં તમામ બાળકોને નવા કપડાનું વિતરણ ક્યું હતું. આ સેવા કાર્યમાં સંસ્થાના મિલિન્દભાઈ તેમજ ચિંતન ગેહાની સાથે કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

## ગુજરાત રાજય બોર્ડ-નિગમ કર્મચારી મહામંડળનું સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૧૨

આજે ગુજરાત રાજય બોર્ડ-નિગમ/સહકારી સાહસોનું કર્મચારી મહામંડળની આંબેડકર હોલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે ગુજરાત સરકાર દ્વારા ૩૫ જેટલા બોર્ડ/કોર્પોરેશનને સાતમા પગાર પંચનો જે લાભ આપવામાં આવેલ છે તે બાબતે સરકારનો આભાર વ્યકત કરવા માટે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ધારાસભ્ય અશોકભાઈ પટેલ, કર્મચારી મહામંડળના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ, બોર્ડ/નિગમ કર્મચારી મહામંડળના પ્રમુખ પ્રવિણભાઈ સુતરીયા, રામસિંહ પરમાર તથા અન્ય હોદ્દેદારો મોટી સંખ્યામાં સ્નેહમિલનમાં હાજર રહેલ. જેમાં ગુજરાત સરકાર દ્વારા જે ૩૫ બોર્ડ/નિગમોને સાતમા પગાર પંચનો લાભ આપવામાં આવેલ છે તે બાબતે તેમનો આભાર વ્યકત કરવામાં આવેલ અને હજી પણ ૧૫ જેટલા બોર્ડ/કોર્પોરેશનોને સરકાર દ્વારા સાતમા પગારપંચનો લાભ આપવામાં આવેલ નથી. તેવા બોર્ડ-નિગમમાં સરકારને રજુઆત કરી સત્વરે બાકી રહેલ બોર્ડ/કોર્પોરેશનોને પણ સાતમા પગારપંચનો લાભ આપવા રજુઆત કરવામાં આવેલ છે.

## ગુરૂવાર રાત્રિ સુધીમાં વિશ્વમાં વિનાશક ભૂકંપ આવશે

ગાંધીનગર, તા.૧૨

આગામી તા. ૧૪મી સપ્ટેમ્બર એટલે કે ગુરુવાર રાત્રિ સુધીમાં વિશ્વ વધુ એક ભયાનક ઐતિહાસિક ભૂકંપથી હચમચી ઉઠશે તેવી પુરેપુરી શકયતાઓ ઉભી થવા પામી છે. ઈસરોના પીઆરએલ વિભાગના પૂર્વ વૈજ્ઞાનિક અને હાલ ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટીમાં સંશોધન વિભાગના ડીન તરીકે કાર્યરત ડૉ. રાજમલ જૈને આ ચેતવણી ઉચ્ચારી છે. તેમના કહેવા મુજબ તા. ૧૦મી સપ્ટેમ્બરે સૂર્યની સપાટી પર એક ભયંકર વિસ્ફોટ થવા પામ્યો છે. આ વિસ્ફોટને કારણે પ્રતિ સેકન્ડ ૭૦૦થી ૮૦૦ કિમીની ઝડપે વછુટેલા પ્લાઝમાના રાક્ષસી જથ્થો જયારે પૃથ્વી પર પહોંચશે ત્યારે વિનાશક ધરતીકંપ સર્જાશે જેની તીવ્રતા ૬ થી ૧૦ રિકટર સ્કેલની હશે. આ ધરતીકંપ પૃથ્વીના પશ્ચિમ ભાગમાં એટલે અમેરિકા-યુરોપના વિસ્ફોટમાં છુટા પડેલા પ્લાઝમા પાર્ટીકલ્સની ગતિ આશરે ૫૦૦ કિમી પ્રતિ સેકન્ડ હતી જયારે તા. ૧૦મીએ સર્જાયેલો વિસ્ફોટ તેના કરતા ૧૦૦ આ વિસ્ફોટથી સર્જાતા તરંગો કોરોનલ માસ ઈન્જેકશન તરીકે ઓળખાય છે. આ તરંજો જો દરિયાના વિસ્તારમાં પૃથ્વી સાથે સંપર્કમાં આવશે





વિસ્તારમાં આવવાની ધારણા છે.

ડૉ. રાજમલ જૈનના જણાવ્યા મુજબ ગત તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બરે પણ સૂર્ય પર આ પ્રકારનો વિસ્ફોટ સર્જાયો હતો જેના પરિણામ સ્વરૂપ તા. ૮મીએ મેકિસકો ખાતે ૮.૧ રિકટર સ્કેલનો ભૂકંપ સર્જાયો હતો. આ ગણી વધુ તીવ્રતા ધરાવે છે તેમાંથી છુટા પડેલા પ્લાઝમા પાર્ટીકલ્સની ગતિ ૭૦૦થી ૮૦૦ પ્રતિ સેકન્ડ કરતા પણ વધુ હોઈ શકે છે. આ કારણે મંગળવાર રાત્રિના ૯ વાગ્યાથી માંડીને ગુરુવાર રાત્રિના ૯ વાગ્યા સુધીમાં ગમે ત્યારે પૃથ્વી પર પહોંચશે. તો ઓછું નુકશાન થશે પરંતુ જો ધરતી પર કોઈ દેશના સંપર્કમાં આવશે તો ભારે વિનાશ વેરશે. આ સમયે શકય છે કે ધરતીકંપના બદલે અતિભયંકર વરસાદ પણ વરસી શકે છે. સૂર્ય પર રહેલા સનસ્પોટમાં સર્જાયેલા વિસ્ફોટથી જીઓ મેગ્નેટિક સ્ટોર્મ એટલે કે ભૌગોલિક ચુંબકીય તરંગો સર્જાય છે જેમાં પ્લાઝમા પાર્ટીકલ્સનો મોટો જથ્થો તીવ્ર ગતિએ પૃથ્વી તથા અન્ય ગ્રહો તરફ ધસી જાય છે અને તેના વાતાવરણમાં આવતા ચુંબકીય ખેંચાણથી આકર્ષાઈ પૃથ્વી કે જે તે ગ્રહના સંપર્કમાં આવે છે ત્યારે તેના પર વિદ્યુત ચુંબકીય વંટોળ સર્જે છે જે અત્યંત શકિતશાળી હોય છે જેના કારણે ભૂકંપ આવે છે.

### કેટલી તીવ્રતા હશે?

તા. ૧૦મીએ સનસ્પોટ પર સર્જાયેલ વિસ્ફોટ એ તા. ૬ઠ્ઠીના વિસ્ફોટ કરતા ૧૦૦ ગણો મોટો છે અને તેના કારણે આશરે ૨ લાખ કરોડ કિલોના જથ્થામાં પ્લાઝમા પાર્ટીકલ્સ ૭૦૦ થી ૮૦૦ કિમીની ઝડપે પૃથ્વી તરફ આવી રહ્યા છે. આ તરંગો પૃથ્વી સાથે સંપર્કમાં આવશે ત્યારે ૬ થી ૧૦ રિકટર સ્કેલ સુધીનો વિનાશક ભૂકંપ સર્જાશે જે કેટલાક લાખ હાઈડ્રોજન બોંબ જેટલો શકિતશાળી હશે. આ તરંગોની તીવ્રતા ૮.૯x૧૦^૪ વૉટસ પ્રતિ સ્કેવર મીટરની હશે.

### કોણ છે ડો. રાજમલ જૈન?

ડૉ. રાજમલ જૈન ઈસરોના પીઆરએલ વિભાગના પૂર્વ વૈજ્ઞાનિક છે અને ૪૦ વર્ષથી સૂર્ય અને પૃથ્વી સંબંધિત સંશોધન કાર્ય કરી રહ્યા છે. તેઓ હાલ ગાંધીનગરની કડી વિશ્વ વિદ્યાલયમાં રિસર્ચ ડિપાર્ટમેન્ટના ‘ડીન’ છે.

### આઈ લવ માય ગાંધીનગર



**નિમેષ કડિયા**

**ગાંધીનગર ગમે**

દુનિયાને આકર્ષતી સુંદરતા, આધ્યાત્મિકતા અને શિક્ષણ, કલા, સંસ્કૃતિથી મહેકતી અનેકાનેક પ્રવૃત્તિઓના કારણે ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સેવાભાવી અને કલાપ્રેમી નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

આર્ષ-અક્ષરધામ, જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ, રેડક્રોસ, ગ્રો ફાઉન્ડેશન, જી ઈ ક્લબ અને ભારત વિકાસ પરિષદ જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

નાના-મોટા સૌ નાગરિકોનો સહકાર લઈ શકાય તો નગરને બહેતર બનાવી શકાય.

**નગર માટે હું કરી શકું**

ગાંધીનગર એ માત્ર રાજયનું જ નહીં, પરંતુ દેશનું સર્વશ્રેષ્ઠ નગર બને તે માટે મારું સર્વ પ્રકારનું યોગદાન આપવા હું તૈયાર છું.

## શહેરને જંગલી વનસ્પતિ અને ઘાસનો ભરડો

### ઠેર ઠેર ઉગી નીકળેલી બિન ઉપયોગી વનસ્પતિ અને ઘાસથી જીવાતનો ઉપદ્રવ : ફુટપાથ તથા માર્ગોમાં લોકોને અડચણરૂપ : ઝેરી જનાવરોનો પણ ભય

ગાંધીનગર, તા.૧૨

વરસાદી પાણીના સિંચનથી આપમેળે ઉગી નીકળતી જંગલી વનસ્પતિ અને ઘાસે શહેરને ભરડામાં લીધું છે. આખા શહેરમાં લીલી ચાદર પાથરી હોય તેમ ઠેક ઠેકાણે આ બિનઉપયોગી વનસ્પતિ અને ઘાસ ઉગી નીકળ્યા છે. રખડતાં ઢોર પણ ખોરાક તરીકે ઉપયોગ ન કરતાં હોઈ આ સમસ્યા વધુ વકરી છે. તંત્ર દ્વારા પણ તાકીદે આ વનસ્પતિ અને ઘાસને દૂર કરવાના પગલાં લેવાતા નથી જે કારણે જીવાતનો ઉપદ્રવ વધી જાય છે. વધુમાં જંગલ જેવા ઘટાટોપ આકાર સમી આ વનસ્પતિમાં ઝેરી જાનવર ભરાઈ રહેવાની દહેશત ઉભી થઈ છે.

શહેરની મુખ્ય ફુટપાથો, માર્ગો તેમજ ખુલ્લા મેદાનો સહિતનો મોટો હિસ્સો હાલ જંગલી વનસ્પતિ અને ઘાસથી ઢંકાઈ ગયો છે. પગપાળા જવા કે વાહન લઈને પસાર થતી વખતે પણ આ વનસ્પતિ અડચણરૂપ બની રહી છે. દર વર્ષે સર્જાતી આ સમસ્યાનો તંત્ર દ્વારા કોઈ જ કાયમી ઉકેલ લવાતો નથી. વધુમાં વરસાદી પાણી થકી જ ઉગી નીકળતી આ વનસ્પતિનો ઢોર ખોરાક તરીકે ઉપયોગ કરતા નથી જેથી પશુપાલકો પણ આ કુદરતી રીતે મળતી



વનસ્પતિ અને ઘાસને લણીને લઈ જતા નથી.

રાત્રિ દરમિયાન આ વનસ્પતિમાંથી મોટી માત્રામાં જીવાત ઉત્પન્ન થઈને નજીકના રહેઠણોમાં ઘુસી જાય છે જે થકી રોગચાળો પણ પેદા થઈ રહ્યો છે. ઘટાટોપ જથ્થામાં રહેતી આ વનસ્પતિમાં ઝેરી જાનવરો પણ વસવાટ કરતાં હોવાની શકયતાએ શહેરીજનોને નીકળવું પણ ભયજનક બન્યું છે. શહેરમાં તમામ જગ્યાએ આ વિકરાળ સમસ્યાએ ત્રાસ વર્તાવ્યો છે જેનો સમયસર નિકાલ જરુરી બન્યો છે. વધુમાં સમયસર નિકાલ ન થતાં આ વનસ્પતિ સુકાઈ જઈને વેરણ છેરણ બને છે અને ગંદકી સર્જે છે. શહેરના આંતરિક અને મુખ્ય માર્ગો ઉપર આ વનસ્પતિએ જાળ બીછાવી દીધી છે અને આ રીતે દર વર્ષે સમસ્યા સર્જાતી જ રહે છે. છતાં તંત્ર તેની યોગ્ય વ્યવસ્થા કે નિકાલ કરવામાં રસ દાખવતું નથી જે શહેરીજનોની કમનસીબી બન્યું છે. હરિયાળા, સ્વચ્છ અને સુંદર નગર માટે આ વનસ્પતિનો નિકાલ જરુરી હોવાનું લોકો જણાવી રહ્યા છે.

### વાતવાતમાં

● વડાપ્રધાનના આગમનને પગલે પાટનગર પોલીસ છાવણીમાં ફેરવાશે. વડાપ્રધાનની સુરક્ષાના પગલે પાટનગરમાં ૨ હજારથી વધુ પોલિસ કર્મીઓનો કાફલો ખડકી દેવાયો છે.

● વડાપ્રધાન જયારે પણ ગાંધીનગર રોકાણ કરે છે ત્યારે ગાંધીનગરના મળતા ભાવનગરી ગાંઠિયા સહિતની ગુજરાતી વાનગીઓ આરોગવાનું પસંદ કરે છે. આ વાનગીઓ બનાવતા દર વખતના નિયત કારીગરોએ આ વખતે પણ તેમને બોલાવાશે તેવી અપેક્ષાએ તૈયારીઓ આરંભી દીધી છે.

● ગાંધીનગરમાં બપોર પછી વાતાવરણમાં પલટો આવ્યો હતો અને આકાશમાં વાદળો છવાયા હતા. સાંજના સમયે શહેરના સે-૩૦માં વરસાદી છાંટા પડતા માહોલમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

### આઈઆઈટીઈ દ્વારા ડૉ. સર્વપલ્લી રાધાક્રિશ્નન વકતૃત્વ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશન દ્વારા તા. ૨૨મી સપ્ટમ્બરે જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે દ્વિતિય ડૉ. સર્વપલ્લી રાધાક્રિશ્નન વકતૃત્વ સ્પર્ધા ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ નિઃશુલ્ક ભાગ લઈ શકશે અને સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કાર તથા વિજેતા શાળાને રાધા ક્રિશ્નન ફરતી ટ્રોફી એનાયત કરાશે.

રાજયમાં ઉત્તમ શિક્ષકો તૈયાર કરવા માટે વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આઈઆઈટીઈની સ્થાપના કરવામાં આવી હતી. આઈઆઈટીઈ દ્વારા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ તથા ઉત્તમ વકતાના ગુણો ખીલે તે હેતુથી વર્ષ ૨૦૧૬થી ડૉ. રાધાક્રિશ્નન વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. આ સ્પર્ધામાં નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરાવવા વિદ્યાર્થીએ ફરજીયાત શાળા મારફતે કરાવવાનું રહેશે. આ સ્પર્ધામાં રજીસ્ટ્રેશન ફોર્મ સંસ્થાની વેબસાઈટ www.iite.ac.in પરથી મેળવી શકાશે અથવા મો.નં. ૯૮૨૪૪૩૪૪૫૯ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

### સરકારી કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિકાલની માંગ

ગાંધીનગર, તા.૧૨

રાજય સરકારના કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિકાલ કરવા ગુજરાત સ્ટેટ ફીશરીઝ ખાતાના કર્મચારી મંડળે ઉગ્ર રજુઆત કરેલ છે.

મુખ્ય પ્રશ્નોમાં સાતમા પગાર પંચના જાન્યુઆરી-૧૬ થી ઓગસ્ટ-૧૬ સુધીના ૮ માસનું એરીયર્સ સત્વરે ચુકવવું. કેન્દ્ર સરકારના કર્મચારીઓને ગાંધીનગર-અમદવાદ લીંક સીટી હોવાને કારણે ૩૦ ટકા ઘર ભાડું આપવામાં આવે છે તે મુજબ રાજય સરકારના કર્મચારીને તાકીદે ચુકવવા મંજુર કરવું જોઈએ.

કેન્દ્ર સરકારના ધોરણે મળવાપાત્ર ભથ્થાઓ, ટ્રાન્સપોર્ટ એલાઉન્સ, મેડીકલ એલાઉન્સ, શિક્ષણ ભથ્થું મંજુર કરવા જોઈએ તેમ પ્રમુખ પ્રદ્યુમનસિંહ વાઘેલા અને મહામંત્રી કલ્પેશ પટેલે સરકારમાં રજુઆત કરેલ છે.

### ચિરવિદાય

● સ્વ. ગીતાબેન જગદીશચંદ્ર આચાર્ય, ઉ.વ. ૭૦